FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT RAJKOT ZONE सत्यमेव जयते

NO.FRC/MOB-26 /PRO LR-173/2017-18/418

ફી નિયમન સમિતિ

રાજકોટ ઝોન – રાજકોટ

તા. ૦૭-૦૬-૨૦૧૯

**ન્યુ એરા ગ્લોબલ સ્કુલ.**
વીરપર,રાજકોટ–મોરબી હાઈવે,
મોરબી.

## નિર્ણય

[1]શાળાની દરખાસ્તની સુનાવણી અને શાળાની ફીનો નિર્ણય કમિટીના અધ્યક્ષશ્રી તથા સભ્યો-સંચાલક મંડળના પ્રતિનિધિ શ્રી ડી.વી.મહેતા,સીવીલ એન્જીનીયર શ્રી ડી.ડી.છનીયારા,શિક્ષણશાસ્ત્રી શ્રી એમ.વી.નાગાણી તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી હિતેશભાઈ શાહે સાંભળીને લીધેલ છે. આ હુકમ જાહેર કરવાના સમયે કમિટીના હાજર સભ્યશ્રીઓએ સહી કરેલ છે.

[2] શ્રી ઉમિયા એજયુકેશન ટ્રસ્ટ–મોરબી સંચાલિત હાલની શાળમાં ધો.૧ થી ૧૦ નું માત્ર અંગ્રેજી માધ્યમમાં સી.બી.એસ.ઈ. બોર્ડના અભ્યાસક્રમ મુજબ શિક્ષણ આપવામાં આવે છે.સુનાવણી સમયે શાળા દવારા ધ્યાન દોરાયેલ કે ધો.૧૦ ના વર્ગો ૨૦૧૯–૨૦ ની સાલથી શાળામાં શરૂ થનાર છે.,શાળા ૨૦૧૮–૧૯ ની સાલથી શરૂ થયેલ હોય અગાઉના વર્ષના ફીના માળખાનો સવાલ નથી.

[3] શાળએ ૨૦૧૮–૧૯ તથા ૨૦૧૯–૨૦ ના વર્ષોની ફી નિર્ધારણ માટે હાલની દરખાસ્ત અરજી કરેલ છે.

[4] શાળાએ નામદાર સુપ્રિમ કોર્ટના એફીડેવીટ/દરખાસ્ત કરવાના આદેશ બાદ હાલની દરખાસ્ત અરજી કરેલ છે

[5] શાળાએ દરખાસ્તના સમર્થનમાં ચાલુ સાલ એટલે કે ૨૦૧૮–૧૯ ના જરૂરી પ્રોવિઝનલ હિસાબો તથા પત્રકો રજુ રાખેલ છે.

[6] શાળા દવારા રજુ રખાયેલ સૂચિત ફીનું માળખું નીચે મુજબ છે.

**ન્યુએરા ગ્લોબલ સ્કુલ(અંગ્રેજી માધ્યમ– CBSE)**

| STD | 2018-19 PROPOSED | 2019-20 PROPOSED |
|---|---|---|
| 1-5 | 75000 | 80000 |
| 6-8 | 65000 | 85000 |
| 9-10 | 85000 | 90000 |

[7] દરખાસ્ત સબંધે શાળાને સાંભળ્યા.

[8] શાળાએ રજુ રાખેલ પ્રોવિઝનલ હિસાબો જોતા ૨૦૧૮–૧૯ ની સાલમાં શાળાની કુલ ફીની આવક રૂા.૨૩૦ લાખ થયેલ તેમાં રૂા.૧૯ લાખ ની ખોટ રહેલ છે.

Scanned with CamScanner

NO.FRC/MOB-26 /PRO LR-173/2017-18/418

[9] શાળાના પ્રોવિઝનલ હિસાબોમાં નોંધપાત્ર ખર્ચ જણાયેલ છે તે,યુનિફોર્મ ખર્ચ, સ્ટેશનરી ખર્ચ,એકઝામ ખર્ચ,મેન્ટનન્સ ખર્ચ હિસાબોમાં જણાયેલ છે તે અંગે સ્પષ્ટતા કરવાનું શાળાને કહેતા શાળાએ સ્પષ્ટતા કરેલ છે કે,મેન્ટનન્સ તાથ સફાઈ ખર્ચ વગેરે ખર્ચના શાળાએ રૂ.૨૩ લાખ ઉધારેલ છે.તે સબંધે સ્પષ્ટતા કરતા શાળા દવારા જણાવાયેલ કે,શાળા ૧૬ એકર જેટલી વિશાળ જગ્યામાં ફેલાયેલ પ્લેગ્રાઉન્ડ તથા શાળા છે.અને તે જગ્યાની જાળવણી માટે સ્ટાફને રોકવો પડે છે.તે કારણસર ઉંચો ખર્ચ રહે છે,સ્ટેશનરી ખર્ચ રૂ.૧૪,૫૦,૦૦૦ હિસાબોમાં જણાવાયેલ છે. તે સબંધે શાળાએ લેખિતમાં સ્પષ્ટતા કરેલ છે.પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂ.૩૭૭૭ જેટલો ખર્ચ રહે છે તેમ શાળાનું કથન છે.ટેકસ બુક વગેરેના રૂ.૧૫૮૦/– , સ્ટુડન્ટ સ્ટેશનરી કે જેમા પ્રોજેકટ નોટબુક અને પ્રોજેકટ સ્ટેશનરી વગેરેનો સમાવેશ થાય છે.તેનો ખર્ચ અંદાજે રૂ.૯૭૦ જેટલો રહે છે. એકઝામ વગેરે અંગેનો ખર્ચ રૂ.૪૯૫/= જેટલો રહેલ.આ ઉપરાંત શાળા દવારા સ્ટેશનરી,સાહિત્ય આપવામાં આવે છે તે પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂ.૭૭૫ જેટલો ખર્ચ રહે છે. તે રીતે પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂ.૩૭૦૦/– થી વધુ ખર્ચ રહે છે. જયારે યુનિફોર્મ ખર્ચ સબંધે શાળાએ સ્પષ્ટતા કરેલ છે કે,પ્રતિષ્ઠિત કંપનીનો શર્ટ,પેન્ટ,મોજા,ટાઈ,બેલ્ટ, તથા બાટા કંપનીના-બુટસ આપવામાં આવે છે.વિદ્યાર્થીનીઓને સ્કર્ટ આપવામાં આવે છે.આ સિવાય સ્પોર્ટસ માટે યુનિફોર્મ તથા ઓસ્વાલ કંપનીના વિન્ટર સ્વેટર્સ પણ શાળા તરફથી આપવામાં આવેલ છે.આ અંગેનો વિદ્યાર્થી દીઠ ખર્ચ રૂ.૨૯૦૮/– નો રહે છે.શાળાએ ખર્ચ સબંધેની સ્પષ્ટતા કરેલ છે તે અને માંત્ર ખર્ચ વસુલ લેવામાં આવેલ છે તે અંગેની સ્પષ્ટતા કરેલ છે તે વિશ્વાસ ઉપજાવે તેવી છે.પરંતુ યુનિફોર્મ ખર્ચ કરકસરયુકત હોવો જોઈએ તેમ નોંધ રાખીએ તે ભુલભરેલ ગણાશે નહી.

[10] શાળામાં ચાલુ સાલ એટલે કે ૨૦૧૮–૧૯ ની સાલમાં શાળામાં ૪૦૭ વિદ્યાર્થીઓ હતા. ૨૦૧૯–૨૦ ના વર્ષમાં સી.બી.એસ.ઈ. બોર્ડના ધો.૧૦ નો વર્ગ આ હુકમ કરવાના સમયે શરૂ થઈ ગયેલ છે. શાળાએ જણાવેલ કે સુનાવણી સમયે શાળામાં કુલ ૭૦૦ વિદ્યાર્થીઓએ એડમિશન મેળવેલ છે.

[10.1] સમિતિએ ભાડાની વિગત તપાસેલ છે.શાળાએ ભાડા કરાર રજુ રાખેલ છે.તેમજ સંલગ્ન દસ્તાવેજ રજુ રાખેલ છે.શાળાએ વાર્ષિક ભાંડુ રૂ.૪૮,૧૨,૦૦૦ ભાડા કરારમાં જણાવેલ છે. જગ્યાનું ક્ષેત્રફળ,બિલ્ટપ એરીયા,વગેરે ધ્યાનમાં લેતા શાળા દવારા જે ભાડુ ઉધારવામાં આવે છે તે વાજબી છે. અને મજરે મળવાપાત્ર છે.

[10.1.1] કેસના સંજોગો અને હકીકત ધ્યાનમાં રાખી સમિતિને નીચે મુજબની ફી નિર્ધારીત કરવાનું યોગ્ય અને વાજબી જણાયેલ છે.

**ન્યુએરા ગ્લોબલ સ્કુલ(અંગ્રેજી માધ્યમ– CBSE)**

| STD | 2018-19 APPROVED BY FRC | 2019-20 APPROVED BY FRC |
|---|---|---|
| 1-5 | 63000 | 66465 |
| 6-8 | 65000 | 68575 |
| 9-10 | 70000 | 73850 |

Scanned with CamScanner

FEE REGULATORY COMMITTEE GOVT. OF GUJARAT सत्यमेव जयते RAJKOT ZONE

NO.FRC/MOB-26 /PRO LR-173/2017-18/418

[10.2] શાળાએ ૨૦૧૮–૧૯ તથા ૨૦૧૯–૨૦ નાપુર્ણ થયેલ વર્ષમાં તેમજ ચાલુ વર્ષ એટલેકે ૨૦૧૯–૨૦ ના વર્ષમાં સમિતિએ નિર્ધારીત કર્યા મુજબની ફી લે છે/ લેવાની છે તે અંગેનું એફીડેવીટ તા.૩૧/૭/૧૯ સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારી મારફત અત્રેની કચેરીને અચુક મોકલવાની રહેશે.

[10.3] સમિતિએ ઉપર મુજબ ૨૦૧૮–૧૯ થી ૨૦૧૯–૨૦ ના વર્ષોની ફી નકકી કરેલ છે. તેની પુરતી જાહેરાત કાયદાનુસાર શાળાએ કરવાની રહેશે.જેથી વાલીઓને ફી નકકી કરયાની જાણ થાય.

[10.4] આ નિયત કરેલ ફી સબંધે સ્પષ્ટતા કે,આ ફી નામદાર સુપ્રિમ કોર્ટના આખરી હુકમને આધીન રહેશે.

[10.5] આ હુકમથી જો તમે નારાજ હોય તો આ હુકમ તમોને મળ્યેથી દીવસ ૨૧ માં ફી રીવીઝન કમિટિ પ્રથમ માળ S.T.T.I.-G.C.E.R.T.S. કેમ્પસ સેકટર–૧૨,ગાંધીનગર રીવીઝન કરી શકાશે.

અધ્યક્ષ
ફી નિયમન સમિતિ–રાજકોટ ઝોન
ન્યાયાધીશ ગુજરાત હાઈકોર્ટ(નિવૃત)

(એમ. વી. નાગાણી)
સભ્ય ,
શિક્ષણશાસ્ત્રી
ફી નિયમન સમિતિ, રાજકોટ.

(ડી. વી. મહેતા )
સભ્ય ,
સંચાલક મંડળના પ્રતિનિધિ
ફી નિયમન સમિતિ, રાજકોટ.

(ડી. ડી. છનિયારા)
સભ્ય,
સિવિલ એન્જીનીયર
ફી નિયમન સમિતિ, રાજકોટ.

Scanned with CamScanner